ભારત દ્વારા નેવિગેશન ઉપગ્રહ તરતો મૂકાયો

શ્રીહરિકોટા,તા. ૨

ભારતે આજે પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ (પીએસએલવી) મારફતે પોતાના પ્રથમ નેવીગેશન ઉપગ્રહને સફળતાપૂર્વક લોંચ કરવાની સાથે જ આ ક્ષેત્રમાં એક મોટી હરણફાળ ભરી હતી. આની સાથે જ ભારતે એક નવા યુગમાં એન્ટ્રી કરી લીધી છે. પીએસએલવીએ શ્રીહરિકોટાના સતીષ ધવન આંતરિક્ષ કેન્દ્ર પરથી ઉડાણ ભરી હતી. ઈસરોના અધ્યક્ષ કે રાધાકૃષ્ણને લોંચ બાદ કહ્યું હતું કે ૧૨૫ કરોડના ખર્ચે આઈઆરએમએસએસ-૧એ લોંચ કરવામાં આવ્યું છે. ગ્રાઉન્ડ સેગમેન્ટ માટે ૩૦૦ કરોડનો ખર્ચ થયો છે. લગભગ તમામ સેટેલાઈટ ઉપર ખર્ચ ૧૨૫ કરોડનો રહેશે. આઈઆરએનએસએસ રશિયાના ગ્લોબલ ઓરબેટીગ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ, અમેરિકાના પોઝિસનીંગ સિસ્ટમ, યુરોપીયન યુનિયનના ગેલિલેલો, ચીનના બીડોઉ સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમ અને ક્વાસિ જેનેથ સેટેલાઈટ સિસ્ટમની જેમ જ રહેશે. પીએસએલવી દ્વારા ઉડાણ ભરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સરંક્ષણ વૈજ્ઞાનિકો અને ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પીએસએલવીએ રાત્રે ૧૧.૪૧ મિનિટે ઉડાણ ભરી હતી. રોકેટ પીએસએલવી સી-૨૨એ આઈઆરએનએસએસ-૧એ ઉપગ્રહની સાથે ઉડાણ ભરી હતી.આ લોંચના આશરે ૨૦ મિનિટ બાદ રોકેટે આઈઆરએનએસએસ-૧એને તેની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત કરી દેવામાં સફળતા મેળવી હતી. આ સફળતાની સાથે જ ઉત્સાહિત ઈસરોના અધ્યક્ષ રાધાકૃષ્ણને માહિતી આપતા કહ્યું હતું કે આઈઆરએનએસએસ-૧એને યોગ્ય રીતે તેની પરિભ્રમણ કક્ષામાં સ્થાપિત કરવામાં સફળતા મળી ગઈ

છે. તેમણે એમ પણ કહી દીધું હતું કે પીએસએલવી એક ખૂબ જ વિશ્વસનીય યાન છે. તેની ઉડાણની સાથે જ અમે એક એવા યુગમાં પ્રવેશ કરી ગયા છીએ જેની ટેકનોલોજી ખૂબ ઓછા દેશો પાસે છે. આ ઉપગ્રહથી મળેલા આંકડા દેશમાં જુદા જુદા ક્ષેત્રોમાં કુદરતી હોનારત સાથે સંબંધિત જોગવાઈઓ, વાહનો અંગે માહિતી મેળવવામાં મદદ મળશે. ભારત દ્વારા વિકસિત આઈઆરએનએસએસ-૧એ આગામી ૧૦ વર્ષ સુધી કામ કરશે. આઈઆરએનએસએસ-૧એએ એવા સાત ઉપગ્રહોમાં પ્રથમ ઉપગ્રહ છે જેને ભારતીય ક્ષેત્રિય નેવિગ્રેશન વ્યવસ્થા માટે છોડવામાં આવનાર છે. રાધાકૃષ્ણનું કહેવું છે કે અમારા પીએસએલવીની એક શાનદાર ઉડાણ રહી છે. પીએસએલવીની આ ૨૩મી સફળ ઉડાણ હતી.

ઝારખંડમાં નક્સલવાદી હુમલો એસપી અને ૫ પોલીસકર્મી શહીદ

રાંચી, તા.૨

ઝારખંડનાં દુમકા જિલ્લામાં નક્સલવાદીઓએ પોલીસ અધિક્ષક (એસપી)નાં કાફલા પર મંગળવારે બપોરે હુમલો કરી દીધો હતો. એવા સમાચાર જાણવા મળ્યા છે કે આ હુમલામાં પાકુળનાંએસપીઅમરજીત બલિહાર સહિત પાંચ પોલીસ કર્મચારીઓ શહિદ થઈ ગયા છે. એમ જણાવાયું છે કે હજી સુધી નક્સલવાદી તથા પોલીસની ટુકડી વચ્ચે ફાયરીંગ જારી છે. એસપી, ડિઆઈજી સાથે નક્સલવાદ વિરૂદ્ધ ઓપરેશન કરવા અંગે મિટિંગ કરીને પાછા ફરી રહ્યા હતા.

આ હુમલો ધુમકાથી ૩૫ કિ.મી. દૂર કાઠિકુંડ વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. નક્સલવાદીઓ અહીં પહેલાથી જ લાગ જોઈને બેઠા હતા. આ કાફલો નજીક આવતાની સાથે જ આડેધડ ફાયરીંગ કરવાની શરૂઆત કરી દીધી હતી. પોલીસની ટુકડી ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. મૃત્યુ પામેલા લોકોનાં મૃતદેહ દુમકા લાવવમાં આવી રહ્યા છે.

અમરજીત બલિહાર મુળ સ્ટેટ પોલીસનાં અધિકારી હતા. તેમનાં શાનદાર રેકોર્ડને ધ્યાનમાં રાખીને તેમને આઈપીએસ બનાવવામાં આવ્યા હતા. ૧૭ મેએ તેમણે પાકુળમાં કાર્યભાર સંભાળ્યો હતો. પાકુળ પશ્ચિમ બંગાળની સિમા નજીક આવેલો જિલ્લો છે. એમ

માનવામાં આવી રહ્યું છે કે અહીં નક્સલવાદીઓ સમંતર સરકાર ચલાવે છે. ઝારખંડ માટે આ જિલ્લો એટલા માટે મહત્વપુર્ણ છે કે ત્યાંથી મોટાપાયે મહેસુલ આવે છે. આ જિલ્લો બીડી ઉદ્યોગ સ્ટોન ક્રશિંગ માટે પ્રખ્યાત છે. અહીં કાળા રંગની સ્ટોન ચીપની નિકાસ કરવામાં આવે છે. આ ઉદ્યોગને કારણે આજુબાજુનાં વિસ્તારમાં ગેરકાયદેસર ખોદકામ તથા વસુલીનો કારોબાર ધમધોકાર ચાલે છે. પાકોળ ક્ષેત્રફળની દૃષ્ટીએ નાનો જિલ્લો છે. સાહેબગંજ જિલ્લામાંથી અલગ કરીને ૧૯૯૪માં તેને અલગ જિલ્લો બનાવાયો હતો. આ ઝારખંડનાં સંથાલ પરઘના વિસ્તારમાં આવે છે. અહીં મોટાભાગે સંથાલ જનજાતીનાં લોકોની વસ્તી છે.

૯૦નાં દાયકામાં ખોદકામનું કાર્ય શરૂ થયા બાદ આ વિસ્તારમાં નક્સલવાદી આંદોલને વેગ પકડ્યો હતો. આ બાબતનો સ્વિકાર સ્વયં પોલીસ પોતાની સત્તાવાર વેબસાઈટમાં કરે છે. નક્સલવાદી જિલ્લાનાં બે પોલીસ સ્ટેશન અમરપાડા અને પાકુરીયામાં તેઓ વધુ પ્રમાણમાં દખલ કરે છે. પોલીસનાં જણાવ્યા અનુસાર નક્સલવાદી ગેંગ ખોદકામમાં વેપાર કરતા વેપારીઓ પાસેથી વસુલી કરવાનું કામ કરે છે. નક્સલવાદીઓનું નામ આ હુમલા પહેલા સિસ્ટર વાલસા જોનનાં મર્ડરમાં ઉછળ્યું હતું.

આ સિસ્ટર એક ખ્રિસ્તી મિશનમાં ભણાવતી હતી. એમ કહેવાય છે કે એના મર્ડર પાછળ નક્સલવાદીઓનો હાથ હતો. જો કે તેની હત્યા પાછળનું રહસ્ય હજી સુધી ઉકલી શક્યું નથી.

સહારનપુર ખાતે બસમાં ૫૫ લોકો બેભાન મળી આવ્યા

સહારનપુર, તા. ૨

નોકરી અપાવવાના બહાને બીજનોરથી ગંગોહ ખાતે લાવવામાં આવી રહેલા ૫૫ લોકો સવારે જેલ નાકાબંધી પાસેથી બસમાં બેભાન અવસ્થામાં મળી આવેલા છે. આમાં ૨૨ મહિલાઓ તેમજ બસનો ડ્રાઈવર-કંડેકટર નો સમાવેશ થાય છે. ઘટનામાં ૩૫ જેટલા લોકોની હાલત ગંભીર હોવાથી તેઓને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે લાડુમાં નસીલો પદાર્થ ભેળવી ખવડાવવાના ગુનામાં એક શખ્સની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી હાલ પણ ફરાર છે. મહિલાઓને નિર્ભયા મિહલા સશક્તિકરણ યોજનામાં નોકરી માટે ટ્રેનિંગમાં લઈ જવાનું કહી બોલાવવામાં આવી હતી. ભાજપના નેતા મનોજ પંડિતે સોમવારે સવારે બીજનોર સોકરપુર ખાતેથી પ્રદિપે ફોન કરીને માહિતી આપી કે જેલ નાકાબંધી પાસે ઉભેલી તેઓની બસમાં સવાર તમામ લોકો બેભાન છે. જેથી ભાજપના કાર્યકર્તાઓ ઘટના સ્થળે પહોંચી જઈ આ અંગેની જાણ પોલીસને કરી હતી. તમામ બેભાન યાત્રિઓને ટ્રક મારફતે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. ભાનમાં આવ્યા બાદ પ્રદિપ અને આનંદે જણાવ્યું હતું કે બીજનોરના હરચંદપુર ગામમાં રહેતા ફિરોજસિંહ ઉર્ફે ડૉ. બેધડકે ૨૨ મહિલાઓને નિર્ભયા મહિલા સશક્તીકરણ યોજનામાં ૧૦ હજાર રૂપિયાની નોકરી અપાવવાના મુદ્દે ફોર્મ ભરાવ્યા હતા. તમામ મહિલાઓને જણાવવામાં આવ્યું હતું કે ૧ જુલાઈથી ગંગોહમાં તેઓની ટ્રેનિંગ શરૂ થશે. રવિવારની રાત્રે ૮ વાગે ૨૨ મહિલાઓ પરિવાર સાથે ખાનગી બસમાં બીજનોરના સહારનપુર ખાતે આવી પહોંચી હતી. બસમાં ૫૫ લોકો સવાર હતા. રાતના બે વાગે બસ સહારનપુર રેલ્વે સ્ટેશન ખાતે પહોંચી હતી.

જ્યાં દેવકુમાર શર્મા નામનો વ્યક્તિ તેઓને મળ્યો હતો. તેણે દહેરાદુનથી ઉચ્ચ અધિકારીઓની ટીમ આવતી હોવાની જણાવી જેલ નાકાબંધી ખાતે લઈ ગયો હતો. સવારે ૫ વાગ્યાના અરસામાં તેઓને પ્રસાદના રૂપે લાડુ ખાવા માટે આપ્યો હતો. લાડુ ખાધા પછી તમામ બસમાં બેભાન બની ગયા હતા.

આસામમાં પૂરના પ્રથમ રાઉન્ડમાં ૬૮૦૦૦ લોકોને અસર થઈ

ગુવાહાટી,તા. ૨

આસામમાં પૂરની સ્થિતિ વિકટ બનેલી છે. આસામમાં પૂરના પ્રથમ રાઉન્ડમાં ૬૮૦૦૦ લોકોનેઅસર થઈ છે. વિશ્વપ્રસિદ્ધ કાજીરંગા ખાતે પાર્કને પણ માઠી અસર થઈ છે. જ્યારે એક વ્યક્તિનું પૂરના કારણે મોત થયુ છે. બચાવ અને રાહતકામગીરીના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ઝડપથી વધી રહી છે. પોબીટૌરા વાઈલ્ડ લાઈફ અભ્યારણ્યના ૬૦ ટકા હિસ્સાને અસર થઈ છે. જુદા જુદા પ્રાણીઓને પણ અભ્યારણ્યમાંથી સાવચેતીના પગલારૂપે અન્યત્ર ખસેડવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ કાજીરંગા નેશનલ પાર્કમાં પૂરના પાણી ઘૂસી જવાના કારણે પશુઓને કારબીએન્ગલોંગમાં ઊંચાણવાળા વિસ્તારોમાં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત નેશનલ હાઈવે ૩૭ ખાતે પણ સાવધાની રાખવામાં આવી રહી છે. કાજીરંગા નેશનલ પાર્કના સત્તાવાળાઓએ વાઈલ્ડ લાઈફના જતન માટે એલર્ટની જાહેરાત કરી છે. શિકારીઓનો ખતરો પણ ઉભો થઈ ગયો છે. દરમિયાન આસામમાં પૂરની પરિસ્થિતિ વધુ બે જિલ્લાઓમાં ગંભીર બની ગઈ છે.

ધેમાજી, ગોલાઘાટ, જોરહાટ, કામરૂપ, કરીમગંજ, લખીમપુર, તિમસુખિયા ઉપરાંત હવે મોરીગાંવ અને શિવસાગરમાં પણ પૂરની સ્થિતિ ગંભીર બની ગઈ છે. પૂર અને કેટલીક જગ્યાઓએ ગાબડા પડવાના કારણે પાકને ભારે નુકસાન થયુ છે. આર્થિકરીતે પણ ખૂબ નુકસાન થયુ છે. બ્રહ્મપુત્ર નદીમાં કેટલાક ગાબડા પડતા જંગપુરી સહિતના કેટલાક વિસ્તારોમાંથી ૧૦૦ પરિવારોને ખસેડવામાં આવ્યા છે. ચોખાના પાક સહિત ઉભેલા પાકને ૫૦૦૦ હેક્ટર કૃષિ ભૂમિમાં નુકસાન થયુ છે. ૩૦૦૦૦થી વધુ નાના મોટા પશુઓને અસર થઈ છે.

આ ઉપરાંત પૂરના લીધે પોલ્ટ્રી ફાર્મને અસર થઈ છે. ધેમાજીને ત્રણ રાહતકેમ્પ બનાવાયા છે. જ્યારે ૧૦૦૦ લોકોનો કેમ્પમાં મોકલી દેવામાં આવ્યા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું કહેવું છે કે ઘણા માર્ગોને નુકસાન થયેલુ છે.

સમાચાર ઝલક

- **ખેડબ્રહ્મામાં મનરેગા યોજનામાં કરોડોની ઉચાપતમાં ૨ તાલુકા અધિકારી ઇજનેર, આંકડા મદદનીશ, એકાઉન્ટન્ટ સામે પોલીસ ફરિયાદ.**
- **ડીસાના માર્કેટયાર્ડમાં બાજરીની ભરપુર આવક, આરબ દેશોમાં પણ નિકાસ થાય છે...**
- **વિશ્વમાં દર એક સેકન્ડે પાંચ બાળકોનો જન્મ થાય છે.**
- **નદીઓનાં કાંઠા નજીક મકાનો, ધંધાના મથકો બાંધવાની મનાઇ.**
- **ફિક્સ્ડ ફી માટે અનલિમિટેડ રોમીંગનો થતો પ્રારંભ.**
- **દેશનો પહેલો નેવિગેશન સેટેલાઇટ ઉપગ્રહ અવકાશની સફર.**
- **ચીનમાં સંતાનોએ વૃદ્ધ મા-બાપોને મળવા જવાનું હવે ફરજિયાત.**
- **ઇજિપ્તમાં રાષ્ટ્રપતિ મુર્સી વિરૂદ્ધ પ્રદર્શન દરમિયાન હિંસામાં પાંચ વ્યક્તિઓનાં મોત.**
- **નાના લીલીયામાં સિંહો ત્રાટક્તાં ભાગેલી ગાયો ટ્રેન એડફેટ આવતા ૮ ગાયોનાં મોત.**
- **ઇશરત કેસ તપાસ કરતાં અધિકારીને ધમકી, તેને સુરક્ષા માગી.**
- **૩૦મી જૂને એક સાથે ૧૫ થી વધુ ડીવાએસપી નિવૃત્ત થયા.**
- **ફેસબુકના માધ્યમથી જોડાતા દંપત્તિની સ્થિતિ કફોડી, ૩૦ જેટલાં દંપત્તિ છૂટા થવા પ્રયત્નો કરે છે.**
- **'રાંજણા' ફિલ્મ સફળ થતાં ધનુષ-સોનમનાં નસીબ ખુલ્યા, લક્સની જાહેરાતમાં ચમકશે.**
- **રમજાન પહેલાં મક્કા મસ્જિદની ૮૦ અબજ સાઉદી રીયાલ દ્વારા કાયાપલટ.**
- **સોનું નહિ, રોકાણ માટે ૮૦ ટકા શહેરી યુવાનોને રિઅલ એસ્ટેટ પસંદ.**
- **ચીનમાં એક ચમત્કારિક વૃક્ષ છે. જેની પાસે મન્નત માંગવામાં આવી રહી છે, ધાર્યું કામ પાર પડે છે.**
- **ખાદ્યને કાબૂમાં લેવા ટૂંકમાં આવશ્યક પગલાં લેવાશે : વડાપ્રધાન મનમોહનસિંહ.**
- **મહિલા પરના અત્યાચારના કિસ્સામાં ક્ષણિક ગુસ્સો જ કારણભૂત.**
- **માલેગાંવ બ્લાસ્ટમાં નવ શખ્સોને નિર્દોષ જાહેર કરાય તેવી શક્યતા.**
- **કચ્છી ખારેકનો પાક ઉભરાવા લાગ્યો છે, વિશ્વમાં કચ્છી ખારેકની ભારે માંગ...**
- **મોડાસામાં યુવતીની છેડતી કરનારને મેથીપાક ચખાડતાં મોત નિપજ્યું.**

ઉત્તરપ્રદેશમાં ૧૨ જિલ્લાના ૫૭૦ ગામ પૂરના સકંજામાં

લખનૌ,તા. ૨

ઉત્તરપ્રદેશના ૧૨ જિલ્લાઓમાં પૂરની પરિસ્થિતિ હજુ પણ ગંભીર બનેલી છે. આ ૧૨ જિલ્લાઓમાં ૫૭૦થી વધુ ગામો પૂરના સકંજામાં આવી ગયા છે. મળેલી માહીતી મુજબ કેટલાક સ્થળો પર શારદા, ઘાઘરા, બુઢી, રાપતી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અહેવાલ મુજબ મુજફ્ફરનગરમાં પૂરના કારણે ૭૭ ગામો સકંજામાં આવી ગયા છે જ્યારે બીજનોરમાં ૧૨૫ ગામોને અસર થઈ છે. લખીમપુરમાં ૧૩૪, સીતાપુરમાં ૩૨, ભાઈરેચમાં ૧૦, અલીગઢમાં ૧૭, બારાબંકીમાં ૫૨, ફૈજાબાદમાં ૮, શાહજહાંનપુરમાં એક, ફરુકાબાદમાં ૯૦, બદૌનમાં ૧૬ અને હાપુરમાં ૧૦ ગામો પુરના સકંજામાં આવી ગયા છે. અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી અસરકારકરીતે ચાલી રહી છે. ગંગા નદીમાં પાણીની સપાટી સતત વધી રહી છે જો કે અંકીનઘાટથી કાનપુર સુધી પાણીની સપાટીમાં ઘટાડો થયો છે. બીજી બાજુ શારદા નદીમાં પાણીની સપાટી પાલિયા કાલન ખાતે ભયજનક સપાટીથી ઉપર પહોંચી છે. જ્યારે રાપતી નદીમાં બલરામપુરથી ગોરખપુર ખાતે પાણીની સપાટી સતત વધી છે. બુરહી નદીમાં પણ પાણીની સપાટી સિદ્ધાર્થનગર ખાતે ભયજનક સપાટીથી ઉપર પહોંચી છે. ઉત્તરપ્રદેશમાં ૧૨ જિલ્લાઓમાં ૫૭૦થી વધુ ગામો પૂરના સકંજામાં આવી ગયા છે. આ ૫૭૦ના લાખો લોકોને માઠી અસર થઈ છે. હજુ કેટલાક દિવસ સુધી સ્થિતિમાં સુધાર નહીં થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

મુંબઈથી અમદાવાદ લવાતી અબજોની રોકડ રકમ કબજે

મુંબઈ,તા.૨

આવકવેરા વિભાગ અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના અધિકારીઓએ એક મોટુ ઓપરેશન હાથ ધરીને દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં કુરિયર મારફતે મોકલવામાં આવી રહેલી અબજોની રોકડ રકમ અને સોનાના દાગિનાઓ સાથે લાદેલી ચાર ટ્રક જપ્ત કરતા ખળભળાટ મચી ગયો છે. આની કિંમત ૨૦૦ કરોડ રૂપિયા દર્શાવવામાં આવી રહી છે જો કે પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યુ હતુ કે આ રોકડ રકમ અને જવેલરી ૨૫૦૦ કરોડ રૂપિયાની છે. જો કે આંકડાને લઈને વિરોધાભાસની સ્થિતિ રહી હતી. આ સંબધમાં કોઈ ખુલાસો આંકડા અંગે થઈ શક્યો ન હતો. ગુજરાતમાં રથયાત્રા આડે ખૂબ ઓછા દિવસો રહ્યા છે ત્યારે આટલી જંગી રોકડ રકમ અને દાગિનાઓ કબજે કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. રોકડ રકમ અને અન્ય કિંમતી દાગિનાઓના ૧૫૦ બેગ સાથેની ચાર ટ્રક કબજે કરવામાં આવી હતી. મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનની બહાર સંયુક્ત તપાસમાં ઈન્કમટેક્સ અને નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના અધિકારીઓએ આ સફળતા મળી રહી છે. નાણાંના સોર્સ મારફતે તપાસ કરવામાં આવી રહી છે. આ જંગી જથ્થો અમદાવાદમાં લાવવામાં આવી રહ્યો હતો. અમદાવાદમાં આતંક ફેલાવવાના હેતુસર આ જથ્થો આવી રહ્યો હતો કે કેમ તેને લઈને તપાસ શરૂ કરવામાં આવી રહી છે. આઈટીના અધિકારીઓએ કહ્યુ છે કે એનઆઈએને મળેલી બાતમી બાદ આવકવેરા વિભાગ સાથે મળીને આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ચાર ટ્રકો જેમાં ૧૫૦થી વધુ બેગ હતી તે કબજે કરી લેવામાં આવી છે. આશરે ૪૦ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ દરેક ટ્રકમાં ૧૫ લોકો હતા અને ૩૫ બેગો હતી. આમાં રોકડ રકમ અને કિંમતી જવેલરી હતી. ચોક્કસ આંકડા પર પહોંચવા એનઆઈએ અને આવકવેરાના પ્રયાસો ચાલી રહ્યા છે. પ્રાથમિક માહિતીથી એવું જાણવા મળી રહ્યુ છે કે આતંકવાદી પ્રવૃત્તિ માટે આ રકમ લાવવામાં આવી રહી હતી કારણ કે ત્રાસવાદીઓ હવાલા મારફતે જેહાદના રૂપિયાની હેરફાર કરતા હોય છે. મુંબઈથી ગુજરાતના જુદા જુદા ભાગોમાં આ રકમ પહોંચાડવામાં આવનાર હતી. આવકવેરા વિભાગના અધિકારીઓનું કહેવું છે કે નાની ટ્રકોમાં આ રોકડ રકમ અને જવેરાત સાથે ભરેલી બેગો હતી. ત્રાસવાદી સંડોવણી આમાં દેખાઈ રહી છે. આ સંબંધમાં સ્થાનિક સ્તરે આંગડિયાના નામથી ઓળખાતા લોકો સહિત ૪૭ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા પરંતુ બંને એજન્સીઓએ પુછપરછ બાદ ૨૦ લોકોને છોડી મુકયા હતા. આ રકમ આતંકવાદીઓ સુધી પહોંચાડવામાં આવી રહી હતી કે કેમ તેને લઈને કોઈ વાત હજુ સુધી કરાઈ નથી. ગુજરાતમાં ટ્રેન મારફતે આ જંગી રકમ મોકલવામાં આવવાની હતી. ગુજરાતમાં સૂરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટમાં આ ખજાનાની ડિલિવરી થનાર હતી. ડિલિવરી માટે ૪૭ લોકો સામેલ હતા જેમાં સાત ટ્રક ડ્રાઈવર સામેલ છે.

નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

'મમ્મી તારી અને સીસ્ટરની જવાબદારી ન હોત તો હું દિનેશ જતો રહ્યો હોત. બધા મિત્રોની જેમ ખુબ રૂપિયા કમાતો હોત, ભગવાને મારી સાથે બહુ મોટો અન્યાય કર્યો છે.'

તે દીકરાના આ દુઃખમાં બરાબર સહભાગી હતી. ઘરેણાંનો મોહ છોડીને તેને વેચી દીધાં હતા. મકાન ગીરવી મુકી ધંધો શરૂ કર્યો હતો. સમય વિતતો ગયો. એ રીતે ત્રીસ વરસ વીતી ગયા.

હવે તો રૂદ્રનો સારો એવો ધંધો જામ્યો છે. નોકરી છોડીને તેણે ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો વેપાર શરૂ કર્યો હતો. તે સમયે ટી.વી. નવું નવું આવેલું! બસ તેનો ધંધો જામવા લાગ્યો. તેણે મોટો બંગલો પણ બનાવી દીધો. પણ વિદેશમાં જવાની તેની તમન્ના મનમાં હજુ એવીને એવી જ હતી.

ઘરમાં વાગતી ફોન અને મોબાઈલની રીંગટોનથી તેના કાન દર વખતે સાંભળતા આતુર થઈ જતા હતા. પણ પગમાં ગોઠણનો દુઃખાવો અને પગમાં ગોટલા થતાં એવા જકડાઈ ગયા હતા કે પથારીમાંતી તેનાથી ઊભું થવાનું ન હતું. તેથી તે મજબૂત બની ગઈ હતી. ઘરમાં દરવાજે તેની નજર ચોંટેલી હતી. ત્યાં જરા આંખ મીંચાઈ ગઈ.

સવારે જાગી ત્યારે થયું કે ઊભી થઈને બારણું ખોલું ને કોઈને પૂછું. ત્યાં તો પૌત્રી આવીને બોલી.

'મોર્નિંગ દાદી... જુઓ હું કેવી લાગું છે?'

'તારા પપ્પાના કંઈ ખબર આવ્યા.' પૌત્રીના પહેરવેશ તરફ બેધ્યાન પણે તેણે પૂછ્યું.

'હાં દાદી આ નવો ડ્રેસ પપ્પા જ લાવ્યા છે.'

'શું તારા પપ્પા આવી ગયા.'

'એ તો કાલે સાંજે આવી ગયા છે. તમને નથી મળ્યા.'

બબલુ એકવાર મને આવીને મળી ગયો હોત તો તેની રાહ જોઈને આખી રાત મારે બેચેનીમાં વિતાવવી ન પડત. ઉમાએ વિચાર્યું.

- vanvihari@gmail.com

hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

અરે, તમને તમારા અલગ વિશ્વમાં મારા દાદી, દાદી, તમારાં પપ્પા, બહેન, આપણાં અકાળે ચાલી નીકળેલા મિત્રો, સગાવહાલાં આ બધાં તમને મળ્યાં કે નહીં? મને ખબર છે કે અમારાં ત્રણેય સિવાય તમે ત્યાં એકલાં જ પડ્યાં હશો. અમને અહીં મદદનો હાથ લંબાવનાર ઘણાં છે, પણ તમારૂં માત્ર ત્યાં શું ચાલે છે, ખબર નથી પડતી. એમ કહેવાય છે કે આત્માનો શબ્દો સિવાય સંવાદ થાય છે, હવે જો તો મારા વિચાર-કહેવું તમારા સુધી પહોંચે છે કે? હશે, હવે માત્ર મારૂં-તમારૂં વિશ્વ અલગ થઈ ગયું છે. તમારાં વગર જીવવાની ટેવ પાડતાં ખરેખર ખુબ જ અઘરૂં પડે છે...

દરેક ક્ષણે, દરેક ડગલેને પગલે તમારી નજર ઊભી થાય છે. એવો સંદેશો હું તમને કેવી રીતે પહોંચાડું? આજનાં છાપામાં એક સરસ લેખ આવ્યો છે, એ કોની જોડે શેઅર કરૂં? તમારો ખાલીપો ઝુરે છે... મારાં પર્સમાં પૈસા છે પણ ખર્ચ કેવી રીતે કરૂં? કારણ તમારાં વગર ખરીદી અને પેમેન્ટ મેં કયારેય કર્યું જ નથી. તમારો મિત્ર મળવાં આવ્યો તો પણ વાત કર્યા વગર જ બેસી રહ્યો.. અને તમારી વ્હાલી બંને દીકરીઓમાં મોટી સમજદાર છે પણ નવરી પડે એટલે એક જ વાત પપ્પા વગર જીવવું એટલે છત વગરનાં મકાનમાં રહેવા બરાબર... નાની તો આકાશમાં ટમટમતો તારલો બતાવીને કહે છે મારા પપ્પા 'સ્ટાર' બની ગયાં, એને તો હજીયે એમ છે કે તમે હજીય પાછા આવશો... ખરેખર નથી સહન થતું!

હવે અમે ત્રણેય વાતો કરીએ છીએ પણ એમાંથી મજાક-મસ્તી ગાયબ છે, તમારો આનંદી, મજાકીયો સ્વભાવ, ગમે તેવી ગંભીર વાતને હસવામાં કાઢવી... અરે, આપણએ માર્કેટમાં ગયાં તાં ને ત્યાં પેલા રેઈનકોટ પહેરેલાં બહેનની તમે કેવી મજાક કરેલી કે 'અરે, ઓ બેન તમારો રેઈનકોટ પલળે છે' આજેય રડતાં રડતાં હસવું આવી જાય છે... અમારાં ત્રણેયની હેલ્પલાઈન એટલે તમે ઘરની સફાઈથી હોમવર્ક ને વહાલથી વઢવા સુધીમાં તમે, અરે તમે અમારાં 'ગુગલ' જ હતા, કોઈ એવી વાત, વિષય કે કામ હોય તમારી પાસે એનો જવાબ અને ઉપાય હાજર જ હોય... ખરેખર દુઃખ સાથે કહું તો આપણો પરિવાર નિરાધાર થઈ ગયો છે...

જો કે તમારાથી શક્ય હોય તો તમે ત્યાથી એવું જ કીધું હોય.' અરે,આમ મોઢું લટકાવી કેટલા દિવસ બેસશો, સમય સમયનું કામ કરે છે, કદાચ ઉપર મારા માટે વધુ કામ હશે એટલે બોલાવી લીધો હશે, તમે સૌ મજબૂત છો, અશ્રુ સારવાનું કામ મારો પરિવાર કરે એ ચાલે જ નહીં, સામે જુઓ ભરપૂર અજવાળું છે, રસ્તા છે,માર્ગ છે, ભવિષ્ય છે, મારાં અધુરા સ્વપ્ન તમારે પુરા કરવાનાં છે, તમે મક્કમતાથી આગળ વધો, તમે તો ત્રણ ત્રણ જણા સાથે છો. મારી શીખામણ મારો ધ્યેય હંમેશા અડગ રહ્યો છે અને એવું જ તમારેય રહેવાનું છે, કાળની ક્રૂર થપાટ ભલે આપણા પરિવાર પર પડી હોય, તમે મને ઘરનાં આધારને ગુમાવ્યો હોય, પણ તોય તમારી પાસે જીવવા ઘણું બધું છે...'

અહીં ઉપર આવીને જો કેદારનાથના કાળચક્રમાં કેટલાંય પરિવાર વેરણછેરણ થઈ ગયાં છે, બોમ્બે બ્લાસ્ટનાં મૃતકો અહીં દુઃખી દુઃખી ફરે છે, કેટલાંય નિરાધાર, નિરાશ્રીતો અપાર આંસુ સારે છે... ખબર છે તમને મારા વગર, મારા આધાર વગર તકલીફો ઘણી પડશે પણ એ જ તમને જિંદગી જીવવાની પ્રેરણા પણ આપશે.' સાચી વાત છે, અમે અહીં ત્રણ અને તમે ત્યાં એકલાં જ છો, અમને તો ખરેખર તમારી ચિંતા થાય છે...

પાકેલું પાંદડું ખરી પડે એ તો મન માની લે પણ એકદમ ખીલેલું પાંદડું અચાનક દીઠાં સાથે તૂટી જાય એ ડાળીને નહીં આખાં ઝાડને ખટકે છે, બળે છે અને અસ્વસ્થ પણ કરી નાખે છે... એકલા છો એટલે સાચવીને રહેજો, મજામાં રહેજો કારણ 'આનંદ-મંગલ'માં છું એ તમારૂં મનગમતું વાક્ય છે, તમે ખુશ રહેજો અને બીજાનેય ખુશ રાખજો એ જ તમારો સ્વભાવ છે. તમારા વગર જીવવાની અમે ટેવ પાડી લઈશું એ જ સાચું છે...'

- તમારી, માધુરી

ચૂંટલો :

અચાનક આવી પડેલા વેદનાની ખબરનાં અશ્રુ જેના વહે એ જ જાણી શકે કંપી ઉઠેલા હૈયાના લૂના ઝળઝળિયા ને કંઈ સાંત્વના ટાઢક અપાવી શકે? સમય સમય અને સમય જ.